Gujarati | ગુજરાતી

NYC Mayor's Office of Immigrant Affairs

ઇમિગ્રન્ટ ન્યૂયોર્કર્સ માટે સંસાધનો

તમારા ઇમિગ્રેશન સ્ટેટસને ધ્યાનમાં લીધા વિના, ન્યૂયોર્ક સિટી મદદ કરવા માટે હાજર છે.

ઇમિગ્રેશન માટે કાયદાકીય મદદ

મફત અને સુરક્ષિત ઇમિગ્રેશન સંબંધી કાયદાકીય મદદ માટે, 800-354-0365 પર સોમવારથી શુક્રવાર, સવારે 9 થી સાંજે 6 વાગ્યા સુધી કૉલ કરો.

ન્યૂયોર્ક સિટી ઓળખ કાર્ડ

IDNYC માટે અરજી કરો, જે ન્યૂયોર્ક સિટીના 10 વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ રહેવાસીઓ માટે મફત મ્યુનિસિપલ ઓળખ કાર્ડ છે. ઓનલાઇન રિન્યૂ કરો અથવા નોંધણી માટે એપોઇન્ટમેન્ટ લો, **311 પર કૉલ કરો** અથવા **nyc.gov/idnyc** ની મુલાકાત લો

અંગ્રેજીના વર્ગો

ગમે ત્યારે, ગમે ત્યાં **મફત અંગ્રેજી** ના વર્ગોનો લાભ લો. વધુ માહિતી માટે **wespeaknyc.cityofnewyork.us** ની મુલાકાત લો.

સ્વાસ્થ્ય સંભાળ

NYC Health + Hospitals (H+H) તાત્કાલિક સંભાળ, પ્રાથમિક આરોગ્ય સંભાળ, તપાસ, રસીકરણ અને વધુ સેવાઓ પ્રદાન કરી શકે છે. **તમારી નજીકના કેન્દ્રનો સંપર્ક કરવાની વિગતો મેળવવા 1-844-NYC-4NYC (1-844-692-4692) પર કૉલ કરો. NYC Care** પ્રોગ્રામ સહિતના હેલ્થ ઇન્શ્યોરન્સ પ્લાન્સમાં નોંધણી કરવા માટે, **646-NYC-CARE (646-692-2273)** પર કૉલ કરો અથવા **nyccare.nyc ની મુલાકાત લો**

માનસિક સ્વાસ્થ્ય

ગોપનીય સહાય અને માનસિક સ્વાસ્થ્ય સંભાળ તેમજ ડ્રગ્સના વ્યસન સંબંધિત સંસાધનો સાથે જોડાવા માટે, **888-692-9355 અથવા 988** પર કૉલ કરો, અથવા **65173 પર WELL** લખીને મેસેજ કરો. ન્યૂયોર્કવાસીઓ ન્યૂયોર્ક સિટી માં માનસિક સ્વાસ્થ્ય સેવાઓ સંબંધી બહુભાષી સંસાધનો માટે **nyc.gov/mentalhealthaccess** ની મુલાકાત લઈ શકે છે, અથવા માનસિક સ્વાસ્થ્ય સેવાઓ શોધવા માટે **nyc.gov/mentalhealthservices** પર ન્યૂયોર્ક સિટી ની 988 ઓનલાઇન ડિરેક્ટરીનો ઉપયોગ કરી શકે છે.

કટોકટી

કટોકટીના સમયે, 911 પર કૉલ કરો. કટોકટી એ એવી કોઈપણ પરિસ્થિતિ છે જેમાં પોલીસ, ફાયર ડિપાર્ટમેન્ટ અથવા એમ્બ્યુલન્સની તાત્કાલિક સહાયની જરૂર હોય. **કાયદા મુજબ, ન્યૂ યોર્ક સિટી પોલીસ ડિપાર્ટમેન્ટ (New York City Police Department) અપરાધનો ભોગ બનનાર, સાક્ષીઓ અથવા મદદ માંગનાર અન્ય લોકોના ઇમિગ્રેશન સ્ટેટસ વિશે પૂછપરછ કરી શકતું નથી.**

સાર્વજનિક શિક્ષણ

4 થી 21 વર્ષની વયના તમામ ન્યૂયોર્ક સિટી બાળકો પબ્લિક (સાર્વજનિક) સ્કૂલમાં જઈ શકે છે. પ્રવેશ મેળવવા માટે, **schools.nyc.gov/fwc** ની મુલાકાત લો અથવા **311 પર કૉલ કરો.**

શહેરના સામાન્ય સંસાધનો અને માહિતી

શહેરના સંસાધનો મેળવવા માંગો છો કે સમસ્યાની જાણ કરવા માંગો છો? **311** પર કૉલ કરો અથવા **portal.311.nyc.gov** ની મુલાકાત લો

ન્યૂયોર્ક સિટી ઇમિગ્રન્ટ અફેર્સ હોટલાઇન

અમારી હોટલાઇન ને 212-788-7654 પર સોમવારથી શુક્રવાર, સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી કૉલ કરો, અથવા અમને **askmoia@cityhall.nyc.gov પર ઇમેઇલ કરો**

Gujarati | ગુજરાતી

Mayor's Office of Immigrant Affairs

ઇમિગ્રન્ટ ન્યૂયોર્કર્સ માટે સંસાધનો

તમારું ઇમિગ્રેશન સ્ટેટસ ભલે ગમે તે હોય, તમને અધિકારો મળેલ છે.

ઇમિગ્રેશન ફ્રોડ (છેતરપિંડી) થી બચો

જો તમને ઇમિગ્રેશન સંબંધી કાયદાકીય સલાહની જરૂર હોય, તો માત્ર લાયસન્સ પ્રાપ્ત વકીલ અથવા ન્યાય વિભાગ (Department of Justice, DOJ) દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રતિનિધિ સાથે જ વાત કરો. તમે **nyc.gov/immigrationfraud** પર માન્યતા પ્રાપ્ત અને સ્વીકૃત પ્રોવાઇડર્સની યાદી મેળવી શકો છો

ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ સાથેના અધિકારો

ન્યૂયોર્ક સિટી ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ (આપ્રવાસીઓ સંબંધી કાયદાઓને અમલમાં મૂકવા) કરતું નથી. જો ફેડરલ ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ તમારો સંપર્ક કરે, તો તમને અધિકારો છે. **nyc.gov/knowyourrights** ની મુલાકાત લો અથવા **800-354-0365** પર અમારી મફત ઇમિગ્રેશન કાયદાકીય હોટલાઇન પર કૉલ કરો

કામદારોના અધિકારો

ન્યૂ યોર્ક સિટીના કાયદા હેઠળ તમને પેઇડ સિક લીવ (ચુકવણી સાથેની માંદગીની રજા), લઘુત્તમ વેતન, ઓવરટાઇમનો પગાર અને વધુ મેળવવાનો અધિકાર છે. સંસાધનો માટે **nyc.gov/workers** ની મુલાકાત લો અથવા **212-436-0380** પર કૉલ કરો

ભેદભાવ રિપોર્ટ કરો

ન્યૂયોર્ક સિટી માનવ અધિકાર કાયદા હેઠળ સતામણી અને ભેદભાવ ગેરકાયદેસર છે. ભેદભાવનો રિપોર્ટ કરવા માટે, કૃપા કરીને **212-416-0197** પર કૉલ કરો અથવા **nyc.gov/reportdiscrimination** ની મુલાકાત લો

ઘરેલુ હિંસા સામે રક્ષણ

જો તમે શોષણનો ભોગ બની રહ્યા હો તો ન્યૂયોર્ક સિટી તમને મદદ કરવા માટે ઉપલબ્ધ છે. તમે **nyc.gov/nychope** ની મુલાકાત લઈ શકો છો અથવા **800-621-HOPE** પર ન્યૂયોર્ક સિટીની ઘરેલુ હિંસા હોટલાઇન પર કૉલ કરી શકો છો

ભાડૂતોના અધિકારો

શું મકાન પરાણે ખાલી કરાવવા (ઇવિક્શન) અથવા તમારા મકાનમાલિક સંબંધિત કોઈપણ સમસ્યાઓમાં મદદની જરૂર છે? મફત કાયદાકીય મદદ માટે **nyc.gov/tenantprotection** ની મુલાકાત લો અથવા **311** પર કૉલ કરો અને **"tenant helpline" (ભાડૂત હેલ્પલાઇન)** કહો

આશ્રય નો અધિકાર

જો તમે ઘરવિહોણા હો, તો તમને આશ્રય માંગવાનો અધિકાર છે. નિર્ધારિત બેઘર વ્યક્તિઓ માટે સેવા વિભાગ (Department of Homeless Services, DHS) ઇન્ટેક સેન્ટરની મુલાકાત લઈને આશ્રય સેવાઓ મેળવો. **311** પર કૉલ કરીને વધુ જાણો

ગ્રાહક સુરક્ષા

શું કોઈ વ્યવસાય સાથે સમસ્યા છે? ગ્રાહક તરીકે, તમને અધિકારો છે. **nyc.gov/consumers** ની મુલાકાત લઈને ફરિયાદ નોંધાવો અથવા **311** પર કૉલ કરો